# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/

सत्यमेव जयते

150 YEARS OF CELEBRATING THE MAHATMA


ક્રમાંક: યોજના/ક્વીઝ/૨૦૧૯/૧૨ તા.૦૯/૦૧/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી

પ્રાથમિક શાળા- તમામ

જિ. ભાવનગર

વિષય : રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૯, ક્વિઝ સ્પર્ધા માટે પ્રશ્નો અને જવાબ મોકલી આપવા બાબત.

સંદર્ભ : ઑફીસ ઑફ ડિસ્ટ્રીક્ટ ઇલેકશન ઑફીસર, કલેક્ટર કચેરી, ભાવનગરનાં પત્રાંક ઇએલસી/મતય/૫/૨/૨૦૧૯, તા.૦૮/૦૧/૨૦૧૯

ઉપરોક્ત વિષયે સંદર્ભદર્શીત પત્ર પરત્વે જણાવવાનું કે રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૯ ની ઉજવણી અંતર્ગત તા.૧૫ થી ૨૧ જાન્યુઆરી દરમિયાન જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં ધો-૬ થી ધો-૮ માં અભ્યાસ કરતા બાળકો વચ્ચે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવાનું થાય છે. સદર ક્વિઝ માટે પ્રશ્નોની નકલ આ સાથે સામેલ છે. દરેક પ્રાથમિક શાળાઓમાં તા.૧૫ થી ૨૧ જાન્યુઆરી-૨૦૧૯ દરમિયાન સુચના મુજબ ક્વિઝ સ્પર્ધા યોજી સામેલ પત્રક મુજબની આંકડાકીય માહિતી તથા ક્વિઝ અંગેનો સ્પષ્ટ ફોટોગ્રાફ સાથેનો અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવાનો રહેશે, (Email: **yojana.deobhav@gmail.com** પર મેલ કરી હાર્ડકોપી અત્રેની શાખાને નિયત સમય મર્યાદામાં મોકલવાની રહેશે). બિડાણમાં આપેલ પત્રની સુચનાઓ મુજબ જ ક્વિઝનું આયોજન કરવાનું રહેશે.

**ઉપરોક્ત તમામ આયોજનની વિગતો કલેક્ટર સાહેબશ્રીની કચેરીને મોકલવાની હોવાથી, જે શાળા અહેવાલ,ફોટોગ્રાફ્સ અને બિડાણમાં આપેલ ફોર્મેટ મુજબ આંકડાકીય માહિતી નહીં મોકલે તે શાળાના આચાર્ય/ટ્રસ્ટીની ગંભીર નોંધ લઇ કડક પગલા લેવામાં આવશે**

બિડાણ- સંદર્ભદર્શિત પત્રની નકલ/ફોર્મેટ

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

**નકલ રવાના અમલવારી સારૂ:**

શિ.ની.શ્રી/મ.શિ.ની.શ્રી- સદર કચેરી

Scanned by CamScanner

ELECTION
IMMEDIATE

Phone : 0278-2428019
0278-2420305
Fax No : 0278-2428019

## OFFICE OF THE
## DISTRICT ELECTION OFFICER
## BHAVNAGAR

OFFICE OF THE COLLECTOR, MOTIBAUG ROAD, BHAVNAGAR

નં.ઇએલસી/મતય/૫/૨/૨૦૧૯ તા.૮/૧/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારી
બહુમાળી ભવન
ભાવનગર

વિષય:- રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૯
**ક્વિઝ સ્પર્ધા માટે પશ્નો અને જવાબ મોકલી આપવા બાબત.**

સંદર્ભ:-(૧)મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,ગાંધીનગરના પત્રનં. ઇએલસી-૧૦૨૦૧૮-૫૧૨૪–છ (SVEEP) તા.૧૧/૧૨/૨૦૧૮
(૨)મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,ગાંધીનગરના પત્રનં. ઇએલસી-૧૦૨૦૧૮-૫૧૨૪–છ (SVEEP)તા.૮/૦૧/૨૦૧૯

ઉકત વિષયે સંદર્ભિત પત્ર પરત્વે જણાવવાનું કે, રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૯ ની ઉજવણી અંતર્ગત તા.૧૫ થી ૨૧ જાન્યુઆરી ૨૦૧૯ દરમિયાન જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૬ થી ૮ માં અભ્યાસ કરતા બાળકો વચ્ચે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવાનું થાય છે. સદર ક્વિઝ માટે ગુજરાતી તથા અંગ્રેજી પશ્નો નકલ આ સાથે સામેલ છે આપના તાબાની દરેક પ્રાથમિક શાળાઓમાં તા.૧૫ થી ૨૧ જાન્યુઆરી-૨૦૧૯ દરમિયાન સંદર્ભિતપત્રની સુચના મુજબ ક્વિઝ સ્પર્ધા યોજી સામેલ પત્રક મુજબની આંકડાકીય માહિતી તથા ક્વિઝ અંગેનો સ્પષ્ટ ફોટોગ્રાફ સાથેનો અહેવાલ મોકલી આપવા વિનંતી.

નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી
ભાવનગર

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
આવક નં. ૧૯૨
તારીખ : ૯/૧/૧૯
શાખા : ...

C:\Users\acer\Desktop\ELC Table-5\NVD - 2018\NVD 2019.doc



Scanned by CamScanner

ELECTION
IMMEDIATE

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319

# OFFICE OF THE
# CHIEF ELECTORAL OFFICER

**GUJARAT STATE**

General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010

ક્માંક-ઈએલસી-૧૦૨૦૧૮-૫૧૨૪-છ ( SVEEP) તા. ૦૮-૦૧-૨૦૧૯

પ્રતિ,
સર્વે કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી

વિષય : રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૯
ક્વિઝ સ્પર્ધા માટે પ્રશ્નો અને જવાબ મોકલી આપવા બાબત.
સંદર્ભ : અત્રેનો સમાનાંકી પત્ર તા.૧૧-૧૨-૨૦૧૮

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આ વિભાગના તા.૧૧-૧૨-૨૦૧૮ ના સમાનાંકી પત્રથી ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવાની સુચના આપેલ છે. સદર ક્વિઝ માટે ગુજરાતી તથા અંગ્રેજી પ્રશ્નો તેના સહિત નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓના ઈ-મેઈલ એડ્રેસ પર મોકલી આપવામાં આવેલ છે. જે મેળવી દરેક શાળા ના આચાર્ય /વડાને ક્વિઝ માટે મોકલી આપવા વિનંતી છે.વધુમાં, ક્વિઝ યોજતી વખતે આપના જિલ્લાની દરેક પ્રાથમિક શાળાઓમાં નીચેની બાબતોની કાળજી લેવામાં આવે તે મુજબ સુચનાઓ આપવા વિનંતી છે.

- Quiz ફક્ત પ્રાથમિક શાળાના ધોરણ-૬ થી ૮ ના વિદ્યાર્થીઓ પૂરતી રાખવાની છે.
- Quiz માટે ધોરણ-૬ થી ૮ ના વિદ્યાર્થીઓ પૈકી ૬ ટીમ બનાવવાની રહેશે.દરેક ટીમમાં બે વિદ્યાર્થી/વિદ્યાર્થીઓ રહેશે.
- આપેલા પ્રશ્નો પૈકી ૧૦ પ્રશ્નોના ૬ સેટ તૈયાર કરવાના રહેશે અને દરેક ટીમ માટે અલગ અલગ સેટનો ઉપયોગ કરવાનો રહેશે. જુદી જુદી ટીમોમાં એકસરખા પ્રશ્નો પૂછવામાં ન આવે તેની ખાસ તકેદારી રાખવાની રહેશે.
- Quiz જે તે સ્કૂલ કેમ્પસમાં યોજવાની છે અને સ્કૂલના તમામ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહે તે મુજબનું આયોજન કરવાનું છે.
- Quiz માં જે ટીમ માટે પ્રશ્નો નિયત કરવામાં આવે તે જે તે સ્કૂલ શિક્ષક દ્વારા બ્લેક બોર્ડ પર લખી વિદ્યાર્થીઓને પૂછવાના રહેશે.



Scanned by CamScanner

- Quiz માં પુછવામાં આવનાર પ્રશ્નો ટીમના દરેક સભ્યને એટલે કે બે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને ક્રમાનુસાર પુછવાના રહેશે,જો ટીમનો એક વિદ્યાર્થી પૂછવામાં આવેલ પ્રશ્નનો જવાબ ન આપી શકે તેવા કિસ્સામાં પ્રશ્ન પાસ-ઓન કરવાનો રહેશે.
- જો બધી જ ટીમમાંથી કોઈપણ વિદ્યાર્થી પૂછાયેલ પ્રશ્નનો સાચો જવાબ ન આપી શકે તે સંજોગોમાં શિક્ષકે તે પ્રશ્નનો સાચો જવાબ આપવાનો રહેશે.
- Quiz નો મુખ્ય હેતુ લોકો ચૂંટણી પ્રક્રિયાથી અવગત થાય તેમજ શાળાના તમામ વિદ્યાર્થીઓની જાણકારી વધે તે હોઈ,ઉપસ્થિત દરેક વિદ્યાર્થી સમજી શકે તે મુજબની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
- ટીમવાર ૧૦ પ્રશ્નો પૈકી સૌથી વધુ સાચા જવાબ આપનારને ઊતીર્ણ ઘોષિત કરવાના રહેશે અને તેમને મતદાન મથકવાર યોજવામાં આવનાર રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૯ ના કાર્યક્રમ દરમિયાન પ્રમાણપત્ર તથા બેજ આપવાના રહેશે.

ઉપર્યુક્ત વિગતે આપના જિલ્લાની શાળાઓમાં તારીખ ૧૫ થી ૨૧ જાન્યુઆરી-૨૦૧૯ દરમિયાન ક્વિઝ યોજી સંદર્ભિત પત્ર સાથે અગાઉ મોકલેલ પત્રક મુજબની આંકડાકીય માહિતી તથા ક્વિઝ અંગેના સ્પષ્ટ ફોટોગ્રાફ પણ અત્રે મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસું

(ઉપેન્દ્ર ત્રિવેદી)
ઉપ સચિવ
મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી
ગુજરાત

બિડાણ : ઉપર મુજબ

Scanned by CamScanner

# રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૯

## ક્વિઝ સ્પર્ધા અંગેની માહિતી

જિલ્લાનું નામ :

| ક્રમ | ક્વિઝમાં ભાગ લીધેલ શાળાનું નામ | ક્વિઝમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા | | | ક્વિઝ દરમિયાન કેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત હતાં? |
|---|---|---|---|---|---|
| | | વિદ્યાર્થીઓ | વિદ્યાર્થીનીઓ | કુલ | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| કુલ- | | | | | |

Scanned by CamScanner